# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૨૯-૧૦-૨૦૨૨**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રેસવાર્તાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ કિસાન સેલના ચેરમેનશ્રી પાલભાઈ આંબલીયાએ જણાવ્યું હતું કે, કહેવાતી સંવેદનશીલ સરકાર ખેડૂતો માટે ખરેખર અસંવેદનસિલ સરકાર છે. ખેડૂતો વાવણી માટે લસણ ખરીદે ત્યારે ૭૦૦ રૂપિયા ભાવ અને વેચે ત્યારે ૧૫૦ રૂપિયા ભાવ. ખેત પેદાશના ભાવો પર કેન્દ્ર સરકાર પર દોષનો ટોપલો ઢોળવો હોય તો ડબલ એન્જિન સરકારનો મતલબ શું ? ૯૨ તાલુકામાં ૧૨૦ ટકા થી ૨૯૧ ટકા વરસાદ નોંધાયો છે જે ત્યાં લિલો દુષ્કાળ શા માટે જાહેર કરવામાં ન આવ્યો ? ટેકાના ભાવ નિર્ધારણ સમિતિ મગફળીના ટેકાના ભાવ પ્રતિ મણ ૧૪૦૦ રૂપિયા નક્કી કર્યા છે તો ૧૧૭૦ માં ખરીદી શા માટે ? ગયા વર્ષે પણ ૨૦૪ તાલુકામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો લાભ મળવાપાત્ર હોવા છતાં પણ લાભ ન આપ્યો.

આજે લાભ પાંચમના દિવસે જ ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત કિસાન સંગઠન દ્વારા ૪૦૦૦ કિલોગ્રામ લસણ ગરિબોમાં મફત વિતરણ કરી સતામાં બેઠેલા લોકોની આંખ ઉઘાડવા, ખેડૂતોની વ્યથા પહોંચાડવા માટે એક પ્રતિકાત્મક વિરોધ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ ખેડૂતોના મફત લસણ વિતરણ કાર્યક્રમ પર ગુજરાત કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલિયાએ જણાવ્યું હતું કે, વર્તમાનમાં ભાજપની રાજ્ય અને કેન્દ્ર સરકાર આમ તો ડબલ એન્જિન સરકાર હોવાના દાવા કરે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે લસણ ના ભાવો પર રાજ્ય સરકારને સવાલ કરતા તેણે હાથ ખંખેરી કેન્દ્ર સરકાર પર દોષનો ટોપલો ઢોળી દીધો હતો.

એજ રીતે ગઈકાલે ૬૩૦ કરોડનું કૃષિ પેકેજ જાહેર કરી સરકાર ખોટી વાહવાહિ લુંટે છે હકિકત એ છે કે ખેડૂતોના હક્કના કાયદા મુજબના રૂપિયા સરકાર આપવાને બદલે ખેડૂતો પર ઉપકારનો પોટલાઓ છોડવાના નાટક કરે છે કેમ કે ચાલુ વર્ષે ૩૨ તાલુકામાં ૧૨૦ ટકાથી ૧૪૦ ટકા વરસાદ નોંધાયો છે, ૩૮ તાલુકામાં ૧૪૦ ટકા થી ૧૬૦ ટકા વરસાદ નોંધાયો છે અને ૧૬૦ થી ૨૯૧ ટકા વરસાદ નોંધાયો હોય તેવા ૨૧ તાલુકાઓ છે કેન્દ્ર સરકારના ૨૦૧૬ના અછતગ્રસ્ત મેન્યુઅલ મુજબ ૧૨૦ ટકા થી ૧૪૦ ટકા વરસાદ પડે તો તેને ગંભિર પરિસ્થિતિ ૧૪૦ ટકા થી ૧૬૦ ટકા વરસાદ પડે તો તેને અતિ ગંભિર પરિસ્થિતિ અને ૧૬૦ થી વધારે વરસાદ પડે તો તેને અતિ, અતિ, અતિ, ગંભિર પરિસ્થિતિ ગણી આ ૯૨ તાલુકાઓમાં લિલો દુષ્કાળ જાહેર કરવાની માંગ ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

શ્રી પાલભાઈ આંબલિયાએ આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદી પર રાજ્ય સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નિમાયેલ "ટેકાના ભાવ નિર્ધારણ સમિતિ" દ્વારા મગફળીના ભાવ પ્રતિ ક્વિંટલ ૭૦૦૦ રૂપિયા અને પ્રતિ મણ ૧૪૦૦ રૂપિયા નક્કિ કરવામાં આવ્યા હોવા છતાં ગુજરાતના ખેડૂતોને રૂ. ૧૧૭૦ પ્રતિ મણનો ટેકાનો ભાવ આપી રાજ્ય સરકાર ખેડૂતો સાથે છલ કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા નિમાયેલી "ટેકાના ભાવ નિર્ધારણ સમિતિ" જે ભાવ નક્કી કરે એટલો ભાવ તો ગુજરાતમાં મગફળી ઉત્પાદક ખેડૂતોને મળવો જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ તથા મીડીયા પેનાલીસ્ટ ડૉ. અમિત નાયક ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર